# CA ફાઉન્ડેશન મે-૨૬નું પરિણામ જાહેર, સુરતના 3 વિદ્યાર્થી AIRમાં

**સુરતમાં** કુલ ૨,૧૨૫માંથી ૪૫૮ વિદ્યાર્થીઓ સફળ, સુરતની પાસિંગ ટકાવારી રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ

**પેનોરમિક** એજ્યુકેશનના વંદન બિહાનીનો AIR 10 અને ધીર મુરારકાનો AIR 11





સુરતઃ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (ICAI) દ્વારા શુક્રવારે જાહેર કરાયેલા સીએ. ફાઉન્ડેશન પરીક્ષા - મે ૨૦૨૬ના પરિણામમાં સુરતના વિદ્યાર્થીઓએ નોંધપાત્ર સફળતા મેળવી છે. ICAI સુરત બ્રાન્ચ (WIRC)ના ચેરમેન સીએ. રાહુલ અગ્રવાલે જણાવ્યું હતું કે સુરતમાંથી કુલ ૨,૧૨૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી ૪૫૮ વિદ્યાર્થીઓ સફળ થયા છે. આ મુજબ સુરતની પાસિંગ ટકાવારી ૨૧.૫૫ ટકા નોંધાઈ છે. જ્યારે રાષ્ટ્રીય સ્તરે પાસિંગ ટકાવારી ૨૦.૦૯ ટકા રહી છે. આમ, સુરતની સફળતા દર રાષ્ટ્રીય સરેરાશ કરતાં અંદાજે ૧.૪૬ ટકા પોઇન્ટ વધુ રહી છે.

પરિણામમાં સુરતના ત્રણ વિદ્યાર્થીઓએ વિશેષ સિદ્ધિ હાંસલ કરીને શહેરનું ગૌરવ વધાર્યું છે. પેનોરમિક એજ્યુકેશને પણ શાનદાર દેખાવ કર્યો છે. સંસ્થાના કુલ ૧૫૦ વિદ્યાર્થીઓમાંથી ૧૩૦ વિદ્યાર્થીઓ સફળ થતાં ૮૬.૬૭ ટકાનું પરિણામ નોંધાયું છે. સાથે જ વંદન બિહાની (AIR-૧૦) સુરતમાં પ્રથમ સ્થાન અને ધીર મુરારકા (AIR-૧૧) સુરતમાં બીજો ક્રમ મેળવ્યો છે. ઉપરાંત રવિ છાવછરીયા ઇન્સ્ટિટ્યૂટમાંથી બે વિદ્યાર્થીઓ સુરત ટોપરમાં આવ્યા છે. જેમાં ઇસ્માઈલ ઇબ્રાહીમભાઇ મહેસરીએ સુરતમાં ત્રીજો ક્રમ અને નિરંજન ટંડેલએ સુરતમાં ચોથો ક્રમ મેળવી શહેરનું નામ રોશન કર્યું છે. આરસીઆઈના 180થી વધુ વિદ્યાર્થીઓ સીએ ફાઉન્ડેશનમાં સફળતા મેળવી છે.

### સુરતનો સફળતા દર ૨૧.૫૫ ટકા

| વિગતો | સુરત | સમગ્ર ભારત |
|---|---|---|
| વિદ્યાર્થીઓ | ૨,૧૨૫ | ૯૦,૨૧૭ |
| પાસ | ૪૫૮ | ૧૮,૧૨૪ |
| પાસિંગ % | ૨૧.૫૫% | ૨૦.૦૯% |

### સુરતના ટોપર્સ

| વિદ્યાર્થી | AIR | સુરત રેન્ક |
|---|---|---|
| વંદન બિહાની | ૧૦ | ૧ |
| ધીર મુરારકા | ૧૧ | ૨ |
| ઇસ્માઈલ મહેસરી | – | ૩ |
| નિરંજન ટંડેલ | - | ૪ |

### સતત અભ્યાસ અને શિસ્તથી સફળતા



મેં સમગ્ર તૈયારી દરમિયાન નિયમિતતા અને શિસ્ત જાળવી રાખી. રોજ અભ્યાસ કર્યો અને સમયાંતરે પોતાનું મૂલ્યાંકન પણ કર્યું. સતત મહેનતના પરિણામે પ્રથમ પ્રયાસમાં જ સફળતા મળી.

**- ઇસ્માઇલ માહેસરી, સુરતમાં ત્રીજો ક્રમ**

### વિષયની મૂળભૂત સમજ મજબૂત બનાવો



માત્ર ગોખવા કરતાં વિષયના મૂળભૂત ખ્યાલને સમજવાનો પ્રયાસ કરો. દરરોજ પ્રશ્નોનો અભ્યાસ કરો અને પોતાની ભૂલોનું વિશ્લેષણ કરો. મજબૂત કોન્સેપ્ટ જ સારા ગુણ અપાવે છે.

**- ધીર મુરારકા, ઓલ ઈન્ડિયામાં 11મો ક્રમ**

### છેલ્લી ઘડીની તૈયારી પર ભરોસો ન રાખો



મેં દરરોજ નક્કી કરેલા સમય મુજબ અભ્યાસ કર્યો અને દરેક વિષયનું નિયમિત પુનરાવર્તન કર્યું. છેલ્લી ઘડીની તૈયારી પર આધાર રાખ્યો નહીં. નિયમિત મોક ટેસ્ટ અને આત્મવિશ્વાસે મને સફળતા અપાવી.

**- વંદન બિહાની, ઓલ ઈન્ડિયામાં 10મો ક્રમ**

## જન્મ-મરણના દાખલા માટે લાઈનો લાગી



■ દાખલા માટે લાઈનો લાગે જ છે પરંતુ સુરતમાં વરાછા ખાતે આવેલી મહાપાલિકાની ઝોન ઓફિસમાં જન્મ-મરણના દાખલા માટે લોકોની લાઈનો લાગી હતી. **(તસવીરઃ સતીષ જાદવ)**

# RTIમાં મોડું કરતાં નાના સાંજાના તલાટીને રૂ. 1,000 રૂપિયાનો દંડ

**નવા** મંદિરના બાંધકામ અંગે RTI હેઠળ માહિતી માંગી હતી

**તલાટીએ** સમયમર્યાદામાં જવાબ ન આપતાં અરજદારે તા.15મી મે-2026ના રોજ ગુજરાત માહિતી આયોગમાં અપીલ કરી હતી

**આયોગે** તલાટીની સ્પષ્ટતા નહીં માની

ભરૂચઃ ગ્રામ પંચાયતની જગ્યામાં નવા મંદિરના બાંધકામ અંગે RTI હેઠળ માહિતી માંગવામાં આવી હતી. પરંતુ નિયત સમય કરતાં મોડી માહિતી આપવા બદલ ગુજરાત માહિતી આયોગે નાના સાંજાના ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી જીગ્નેશભાઈ પટેલને રૂ.1,000નો દંડ ફટકાર્યો છે. ઝઘડિયા તાલુકાના ગ્રામ પંચાયત સભ્ય ભરતકુમાર હસમુખભાઈ પટેલે તા.13મી જાન્યુઆરીએ RTI હેઠળ માહિતી માંગી હતી. વર્ષ-2013થી 2024 દરમિયાન મંદિરની સ્થિતિ અને ફાળવણી અંગેના પંચના અહેવાલોની પ્રમાણિત નકલો જોઈતી હતી. RTI નિયમો અનુસાર 30 દિવસમાં માહિતી આપવી જોઈએ. તલાટીએ સમયમર્યાદામાં જવાબ ન આપતાં અરજદારે તા.15મી મે-2026ના રોજ ગુજરાત માહિતી આયોગમાં અપીલ કરી હતી. જેમાં RTI હેઠળ 30 દિવસમાં માહિતી પૂરી પાડી નથી તેમજ અધૂરી અને ખોટી માહિતી આપવામાં આવેલી હોવાનું જણાવ્યું હતું. આયોગે તા.1 જુલાઈ-2026ના રોજ ભરૂચ કલેક્ટર કચેરીમાં સુનાવણી યોજી હતી. સુનાવણીમાં તલાટીએ અરજી મળ્યા બાદ પાંચ મહિના વીતવા છતાં સ્પષ્ટતા કરી શક્યા નહીં. આયોગે તેમની સ્પષ્ટતાને ગ્રાહ્ય ન ઠરાવી અને અધિનિયમની કલમ ૨૦(૧) હેઠળ દંડ 1000 રૂપિયાનો ફટકાર્યો છે.

# બ્લોકને કારણે શનિવારે રાતે વિરાર-ભરૂચ મેમુ મોડી દોડશે

સુરતઃ રેલવે ટ્રેક, સિગ્નલિંગ તેમજ ઓવરહેડ સાધનોની જાળવણી અને સમારકામના કામ માટે શનિવાર અને રવિવાર એટલે કે 04/05 જુલાઈ, 2026ની મધ્યરાત્રિએ વસઈ રોડ અને વૈતરણ સ્ટેશનો વચ્ચે અપ અને ડાઉન ફાસ્ટ લાઈનો પર જમ્બો બ્લોક લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ બ્લોકના કારણે ટ્રેન વ્યવહાર પર થોડી અસર પડશે, જેમાં વિરારથી વહેલી સવારે 04:35 વાગ્યે પ્રસ્થાન કરતી ટ્રેન સંખ્યા 19101 (વિરાર-ભરૂચ મેમુ) પોતાના નિયત સમય કરતાં 10 મિનિટ મોડી એટલે કે સવારે 04:45 વાગ્યે ઉપડશે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જાહેર કરવામાં આવેલી સત્તાવાર અખબારી યાદી અનુસાર, આ બ્લોક 04 જુલાઈ, 2026ના રોજ રાત્રે 23:55 વાગ્યાથી શરૂ થશે અને 05 જુલાઈ, 2026ના રોજ વહેલી સવારે 04:30 વાગ્યા સુધી ચાલુ રહેશે.

# પાલોદના માથાભારે સંગ્રામ અલગોતરને તડીપાર કરાયો



હથોડાઃ પાલોદ પોલીસ મથક વિસ્તારમાં હથિયારો સાથે આતંક મચાવી, લોકોને ધમકાવી બળજબરીથી નાણાં પડાવતી ગુંડા ટોળકીના સાગરીત સંગ્રામ શેલાભાઈ અલગોતર (રહે.,પીપોદરા)ને છ જિલ્લામાંથી તડીપાર કરવામાં આવ્યો છે. પી.આઈ. અમીરાજસિંહ રાણાએ આરોપીને ડિટેઈન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ માથાભારે શખ્સ સામે કડક પગલાં ભરાતાં લોકો ખુશ થયા હતા.

# ભુવાસણમાં ગામમાં ગેરકાયદે મિલનું બાંધકામ વહીવટી તંત્રએ અટકાવ્યું

**પ્રદૂષણ** અને પાણી ભરાવાની સમસ્યાથી આંદોલનની ચીમકી



બારડોલીઃ ભુવાસણ ગામની સીમમાં ગ્રામ પંચાયતની કોઈપણ પ્રકારની પૂર્વ પરવાનગી વિના જ એક નવી મિલનું બાંધકામ ધમધમતું કરી દેવાતાં સ્થાનિક ગ્રામજનોમાં તીવ્ર અસંતોષ ફાટી નીકળ્યો છે. જો કે, મામલો ગરમાતાં હાલ પૂરતું વહીવટી તંત્રએ આ ગેરકાયદે કામગીરી સ્થગિત કરાવી હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ભુવાસણ મુખ્ય ગામથી આશરે બે કિલોમીટર દૂર અગાઉથી જ બે ફેક્ટરીઓ કાર્યરત છે, જ્યારે ત્રીજી ફેક્ટરીનું પરવાનગી વગર ગેરકાયદે નિર્માણ શરૂ કરાતાં વિવાદ સર્જાયો છે. તરભોણ પાટિયા નજીક આવેલી આ કંપનીઓ દ્વારા કરવામાં આવેલા આડેધડ બાંધકામ અને વ્યાપક માટી પુરાણને કારણે ગુરુવારે થયેલા વરસાદમાં ગંભીર પરિસ્થિતિ સર્જાઈ હતી.

સ્થાનિકોનો ગંભીર આરોપ છે કે આ વિસ્તારમાં કાર્યરત ફેક્ટરીઓ દ્વારા બેફામ પ્રદૂષણ ફેલાવવામાં આવી રહ્યું છે. ઉદ્યોગોનું કે મિકલયુક્ત અને દૂષિત પાણી કોઈ પણ પ્રકારના ટ્રીટમેન્ટ વગર નજીકથી પસાર થતી ખાડીમાં જ છોડવામાં આવી રહ્યું છે. આ ઝેરી પાણીને કારણે માત્ર ભુવાસણ જ નહીં, પરંતુ આજુબાજુના પારડી નોગામા, તરભોણ, છીત્રા, વાઘેચ, વડોલી અને અંભેટી સહિતના અડધા ડઝનથી વધુ ગામોના રહીશોનું જીવવું દુષ્કર બન્યું છે. આ પ્રશ્ને હવે રાજકીય ગરમાવો પણ આવી ગયો છે.

# ગુજરાતમાં આતંકી ષડયંત્રનો પર્દાફાશ ગુજરાત અને એમપીના આઠ પકડાયા

**જૈશ-એ-મોહમ્મદના** મોડ્યુલ પર ATSની સર્જિકલ સ્ટ્રાઈક કરાઈ

**ગુજરાતમાં** ‘દારૂલ ઇસ્લામ’ નામની આતંકી તન્જીમ બનાવી હતી, 3 લાખનું ફંડિંગ પણ મળ્યું

**મસુદ** અઝહરના જેહાદી સાહિત્યનું ગુજરાતીમાં અનુવાદ કરી નેટવર્ક ફેલાવતા હતા

### એટીએસએ નવસારી સહિત પાંચ જિલ્લામાં દરોડા પાડ્યા હતા

એ.ટી.એસ.ના નાયબ પોલીસ અધિક્ષક હર્ષ ઉપાધ્યાયને મળેલી ચોક્કસ ગુપ્ત બાતમીના આધારે પોલીસ અધિક્ષક કે. સિદ્ધાર્થના માર્ગદર્શન હેઠળ એક ઉચ્ચ સ્તરીય ટીમની રચના કરવામાં આવી હતી. ગુજરાત એ.ટી.એસ. દ્વારા કુલ ૫ વિશેષ ટીમો બનાવીને બનાસકાંઠા, નવસારી, પાટણ તેમજ મધ્યપ્રદેશની દેવાસ પોલીસને સાથે રાખીને સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ મેગા ઓપરેશન દરમિયાન મહેસાણાના નંદાસણ, પાલનપુર, સિદ્ધપુર, ચીખલી (નવસારી) અને મધ્યપ્રદેશના દેવાસમાંથી કુલ ૮ આરોપીઓને ઝડપી લેવાયા છે.

### આઠ જેહાદીઓના નામ

(૧) અહમદ અબ્દુલ્લાહ ગાજીવાલા ઉર્ફે અબુ ઉબેદા (૧૯ વર્ષ) - નંદાસણ, મહેસાણા (૨) ઇબ્રાહિમ મોહમ્મદ હુસેન ઘઘા ઉર્ફે અબુ હમઝા (૩૦ વર્ષ) - નંદાસણ, મહેસાણા (૩) મુદસ્સિર અબ્દુલ્લાહ ગાજીવાલા ઉર્ફે અબુ આયા (૨૨ વર્ષ) - પાલનપુર, બનાસકાંઠા (૪) જકરિયા દુરાની મોહમ્મદ અમ્માર ઘઘા ઉર્ફે જકરિયા પાલનપુરી (૨૧ વર્ષ) - મદ્રેસા, સિદ્ધપુર, પાટણ (૫) મુક્તિ ફૌજાન ઇસ્માઇલ દઉવા ઉર્ફે મુક્તિ સાબ (૪૦ વર્ષ) - મદ્રેસા, સિદ્ધપુર, પાટણ (૬) મોહમ્મદ અમીન શેરા ઉર્ફે અમીન પાલનપુરી (૨૧ વર્ષ) - મદ્રેસા, સિદ્ધપુર, પાટણ (૭) મોહમ્મદ અબ્દુલ રહેમાન સાવદી ઉર્ફે અબુ ઉનેસા (૨૨ વર્ષ) - અંભેટા, ચીખલી, નવસારી (૮) બિલાલ દુરાની મોહમ્મદ અમ્માર ઘઘા ઉર્ફે અબુ દુજાણા (૧૮ વર્ષ - દેવાસ, મધ્ય પ્રદેશ)

ગાંધીનગરઃ ગુજરાત આતંકવાદ વિરોધી સ્કવોર્ડ દ્વારા દેશવિરોધી પ્રવૃત્તિઓ અને આતંકવાદી કાવતરાં સામે એક મોટી અને ઘાતક સર્જિકલ સ્ટ્રાઈક કરીને પાકિસ્તાન પ્રેરિત પ્રતિબંધિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા આઠ (૮) સક્રિય આતંકીઓની ધરપકડ કરી છે. પાકિસ્તાની હેન્ડલરોના સીધા સંપર્કમાં રહીને ગુજરાતમાં આતંકી નેટવર્ક ઊભું કરવા અને મોટી આતંકવાદી ઘટનાને અંજામ આપવા માટે આ આરોપીઓએ રાજ્યમાં “દારૂલ ઈસ્લામ ગુજરાત જૈશ-એ-મોહમ્મદ” નામની એક સક્રિય આંતકી તન્જીમ (સંગઠન) બનાવી હતી. એટીએસ દ્વારા રચાયેલી ૫ વિશેષ ટીમોએ મધ્યપ્રદેશ પોલીસ તેમજ સ્થાનિક પોલીસને સાથે રાખીને બનાસકાંઠા, મહેસાણા, નવસારી, પાટણ તેમજ મધ્યપ્રદેશના દેવાસ જિલ્લામાં સંયુક્ત દરોડા પાડી આ સમગ્ર મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. પકડાયેલા આતંકીઓ પાસેથી જૈશના વડા મસુદ અઝહરના ‘દર્સ-એ-જેહાદ’ પુસ્તકનું ઉર્દુમાંથી ગુજરાતીમાં ભાષાંતર કરેલું સાહિત્ય, ડિજિટલ લોકરમાં છુપાવેલો જેહાદી ખજાનો, પાકિસ્તાની આકાઓને આતંકી સંગઠનમાં જોડાવા માટે લખેલા પત્રો અને ષડયંત્ર પાર પાડવા માટે મેળવેલા અંદાજે ૩ લાખના ફંડિંગના પુરાવા મળી આવ્યા છે. એટીએસ દ્વારા આ તમામ આરોપીઓ વિરુદ્ધ અનલોફુલ એક્ટિવિટીઝ પ્રિવેન્શન એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાત આતંકવાદ વિરોધી સ્કવોર્ડ દ્વારા પાકિસ્તાની હેન્ડલરોના સંપર્કમાં રહીને ગુજરાતમાં આતંકી નેટવર્ક ઊભું કરવા અને મોટી આતંકવાદી ઘટનાને અંજામ આપવાનું આયોજન કરી રહેલી આ ટોળકીને પકડવા માટે ગુજરાત અને મધ્યપ્રદેશમાં દરોડા પાડવામાં આવ્યા હતા. આરોપીઓ પાસેથી જેહાદી પુસ્તકો, પાકિસ્તાની આકાઓને લખેલા પત્રો અને ડિજિટલ લોકરમાં છુપાવેલું વાંધાજનક સાહિત્ય મળી આવ્યું છે.

### ગુજરાતીમાં અનુવાદિત ‘દર્સ-એ-જેહાદ’ અને રોકડ ફંડિંગ

એટીએસની તપાસમાં સામે આવ્યું છે કે, આ આરોપીઓએ ગુજરાતમાં જૈશ-એ-મોહમ્મદ વતી “દારૂલ ઇસ્લામ ગુજરાત જૈશ-એ-મોહમ્મદ” નામની એક સક્રિય આંતકી તન્જીમ (સંગઠન) બનાવી હતી. તેઓ પાકિસ્તાની હેન્ડલરો ‘અબદુલ્લાહ’ અને ‘મોહમ્મદ ઉમર’ના સીધા સંપર્કમાં હતા. આ નેટવર્કનો મુખ્ય ઉદ્દેશ્ય જૈશના વડા મસુદ અઝહરના પુસ્તક ‘દર્સ-એ-જેહાદ’નું ઉર્દુમાંથી ગુજરાતી ભાષામાં ભાષાંતર કરી સ્થાનિક યુવકોનું બ્રેઈનવોશ કરવાનો અને સંગઠનમાં જોડવાનો હતો. આ આતંકી કૃત્યના ષડયંત્રને પાર પાડવા માટે તેઓને અંદાજે 3 લાખનું ફંડિંગ પણ મળ્યું હતું, જેમાંથી તેઓએ એક જૂની કાર પણ ખરીદી હતી. એટીએસએ વધુ તપાસ શરૂ કરી છે કે આ તમામની સાથે અન્ય કોણ સંકળાયેલું છે અને તેઓ કોના ઈશારાથી કામ કરતાં હતાં.

### મોબાઈલમાંથી મળ્યો જેહાદી ખજાનો, મસુદ અઝહરને લખેલા પત્રો જપ્ત

એટીએસ દ્વારા હાથ ધરાયેલા દરોડા દરમિયાન આરોપી ઇબ્રાહિમ ઘઘાના મોબાઈલમાંથી એક ગુપ્ત એપ્લિકેશન ‘નોર્ડ લોકર’ (Nord Locker) મળી આવી છે, જેમાંથી જેહાદી કિતાબો, ઓડિયો-વીડિયો અને જૈશના ઝંડા સહિત કુલ ૨૫૪ જેટલી પ્રતિબંધિત સામગ્રીઓ મળી આવી છે. આ ઉપરાંત, જકરિયા પાલનપુરી અને મોહમ્મદ નામના આરોપીઓએ આતંકી સંગઠનમાં જોડાવા અને ‘ગઝવા-એ-હિંદ’માં શહાદત મેળવવા માટે મસુદ અઝહરને સંબોધીને ઉર્દુમાં ટાઈપ કરેલા અને હસ્તાક્ષરમાં લખેલા ૮ પત્રો પણ એટીએસને હાથ લાગ્યા છે. ગુજરાત એ.ટી.એસ. દ્વારા આ તમામ આઠેય આરોપીઓ વિરુદ્ધ અનલોફુલ એક્ટિવિટીઝ પ્રિવેન્શન એક્ટ (UAPA)ની કલમ ૧૩, ૧૭, ૧૮, ૩૮, ૩૯ અને ભારતીય ન્યાય સંહિતા (BNS) હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ તેજ કરી છે.

# મોદી આજે ગુજરાતમાં, સાણંદમાં દેશના પ્રથમ સેમિકન્ડક્ટર પ્લાન્ટનું ઉદઘાટન થશે

**મોદીનો** પ્રવાસ રાજસ્થાનથી શરૂ થશે, રાજસ્થાનમાં જોધપુરના નવા એરપોર્ટ ટર્મિનલનું ઉદઘાટન કરશે

**બાદમાં** સાંજે સાણંદ પહોંચશે, સાણંદમાં જનસભાને પણ સંબોધન કરશે

ગાંધીનગરઃ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે 4 જુલાઈએ રાજસ્થાન અને ગુજરાતના એક દિવસીય પ્રવાસે આવી રહ્યા છે. રાજસ્થાનમાં 1.06 લાખ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યા બાદ તેઓ ગુજરાતના સાણંદ ખાતે દેશની પ્રથમ કોમર્શિયલ સેમિકન્ડક્ટર આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) ફેસિલિટીનું ઉદ્ઘાટન કરશે. ભારતને સેમિકન્ડક્ટર ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા માટે આ પ્રોજેક્ટને ઐતિહાસિક સીમાચિહ્ન માનવામાં આવી રહ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે તા. 4 જુલાઈના રોજ રાજસ્થાન અને ગુજરાતની મુલાકાતે આવશે. તેમના પ્રવાસની શરૂઆત રાજસ્થાનથી થશે. સવારે અંદાજે 10:45 વાગ્યે તેઓ જોધપુર એરપોર્ટના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે તેમજ મોડિફાઈડ ઉડાન (UDAN) યોજનાનો શુભારંભ કરાવશે.ત્યારબાદ બપોરે અંદાજે 12:15 વાગ્યે પ્રધાનમંત્રી બાલોત્રા ખાતે પહોંચીને આશરે 1.06 લાખ કરોડના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ, શિલાન્યાસ અને રાષ્ટ્રને સમર્પણ કરશે. આ પ્રસંગે તેઓ જાહેર સભાને પણ સંબોધન કરશે.રાજસ્થાનનો કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ પ્રધાનમંત્રી સાંજે અંદાજે 4:30 વાગ્યે ગુજરાતના અમદાવાદ જિલ્લાના સાણંદ પહોંચશે. અહીં તેઓ CG SEMI દ્વારા સ્થાપિત દેશની પ્રથમ આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) ફેસિલિટીનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે તેઓ જનસભાને પણ સંબોધિત કરશે.

સાણંદમાં શરૂ થનારી આ ફેસિલિટી ભારતના સેમિકન્ડક્ટર ઉત્પાદન ક્ષેત્ર માટે ઐતિહાસિક સિદ્ધિ માનવામાં આવી રહી છે. ફેસિલિટીમાં વ્યાવસાયિક ઉત્પાદનની શરૂઆત સાથે ભારત વૈશ્વિક સેમિકન્ડક્ટર વેલ્યુ ચેઈનમાં વધુ મજબૂત સ્થાન મેળવશે. આ પ્રોજેક્ટ ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM) હેઠળ મંજૂર કરાયેલા પ્રથમ ચાર પ્રોજેક્ટ્સમાંનો એક છે, જેમાં 7,500 કરોડથી વધુનું રોકાણ કરવામાં આવ્યું છે.આ ફેસિલિટી સંપૂર્ણ ક્ષમતા સાથે કાર્યરત થયા બાદ દર વર્ષે અંદાજે 5 અબજ સેમિકન્ડક્ટર ચિપ્સનું ઉત્પાદન કરી શકશે. આ ઉત્પાદન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), હાઈ-પરફોર્મન્સ કમ્પ્યુટિંગ, મેમરી અને સ્ટોરેજ સોલ્યુશન્સ માટે વધી રહેલી વૈશ્વિક માંગને પહોંચી વળવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. આ ઉપરાંત આ પ્લાન્ટ ઓટોમોટિવ, ઔદ્યોગિક, ટેલિકોમ્યુનિકેશન, 5G અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT) જેવા ક્ષેત્રોની જરૂરિયાતોને પણ પૂર્ણ કરશે. ફેસિલિટીમાં વેફર સોર્ટિંગ, સેમિકન્ડક્ટર એસેમ્બલી, ટેસ્ટિંગ, પેકેજ ડિઝાઈન, ફેલ્યોર એનાલિસિસ, ટેસ્ટ પ્રોગ્રામ ડેવલપમેન્ટ, પ્રોડક્ટ કેરેક્ટરાઈઝેશન તેમજ લોજિસ્ટિક્સ સપોર્ટ જેવી અત્યાધુનિક સેવાઓ ઉપલબ્ધ રહેશે. પ્રોજેક્ટના અમલીકરણ સાથે ભારત આત્મનિર્ભર સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ઉભરી રહ્યું છે.

# મૃતકની ખોટી સહી કરી રેલવે ટિકિટ કન્ફર્મ કરાવવાનું કૌભાંડ

**ડિંડોલીના** અખબાર માલિકના અવસાન બાદ તેના નામે નકલી લેટરપેડ અને સિક્કા બનાવ્યા

સુરતઃ સુરત રેલવે સ્ટેશનની એ.આર.ઓ.ઓફિસમાં સેન્ટ્રલ રેલવેના VIP કોટાનો દુરુપયોગ કરવાના રેકેટ તરીકે બહાર આવ્યું છે. ડિંડોલીની રામીપાર્ક સોસાયટીમાં રહેતા અને ખટોદરા ખાતે ‘યશ ટ્રેડિંગ’ નામે પ્રિન્ટિંગનું જોબવર્ક કરતા રાધેશ્યામ રઘુવીરસિંહ યાદવ (ઉ.વ. ૫૦) એ આ મામલે સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. તેમના સાળા રોહતાસ બલવાનસિંહ યાદવ વર્ષ ૨૦૧૮ થી ડિંડોલીથી કેવલ કોમ્પ્લેક્સ ખાતેથી ‘સંપ્રભુતા ટાઈમ્સ’ નામનું રજિસ્ટર્ડ ગુજરાતી દૈનિક પેપર ચલાવતા હતા. ઉધના રોડ નંબર-૨ પર અક્ષર શોપિંગ સેન્ટરમાં પ્રેસની ઓફિસ ચલાવતા સત્યપ્રકાશ શિવકુમાર વર્મા સાથે તેમની ગાઢ મિત્રતા હતી અને તેઓ અવારનવાર એકબીજાની ઓફિસે બેસતા હતા. ગત તા. ૨૫ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ રોહતાસભાઈનું હાર્ટ એટેકના કારણે અકાળે અવસાન થયું હતું. સાળાના અવસાન બાદ મિત્ર સત્યપ્રકાશે સાંત્વના આપવાના બદલે આ તકનો ખોટો લાભ ઉઠાવવાનું કાવતરું ઘડી કાઢ્યું હતું. આ છેતરપિંડીનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે ગત તા. ૧૯/૦૫/૨૦૨૬ના રોજ ફરિયાદી રાધેશ્યામભાઈ પર તેમના એક પરિચિત રાકેશ તિવારીનો ફોન આવ્યો હતો. રાકેશે ચોંકાવનારી બાતમી આપી કે સત્યપ્રકાશ વર્માએ તેમની ઓફિસે મૃતક રોહતાસના રજિસ્ટર્ડ પેપર ‘સંપ્રભુતા ટાઈમ્સ’ ના નામે નકલી લેટરપેડ છાપી કાઢ્યા છે અને તેના પર સિક્કા મારી રોહતાસની ખોટી સહીઓ કરી રહ્યા છે. સત્યપ્રકાશ વર્માએ રેલવેમાં VIP કોટા દ્વારા ટિકિટ કન્ફર્મ કરાવવા માટે જ આ નકલી લેટરપેડ રજૂ કર્યા હોવાનું સાબિત થયું હતું. નકલી લેટરપેડ પર આરોપીએ પોતાનો જ મોબાઈલ નંબર લખી રાખ્યો હતો જેથી રેલવેમાંથી વેરિફિકેશન કોલ આવે તો પોતે જ મેનેજ કરી શકે. જેથી ફરિયાદીએ એ.આર.ઓ. ઓફિસમાંથી તમામ નકલી ડોક્યુમેન્ટ્સ મેળવી લીધા હતા અને પુરાવા સાથે પોલીસ મથકમાં અરજી આપી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### વઘઇમાં 14.4...

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વરસાદના કારણે ત્રણના મોત થયા હતાં. મુંબઈ અમદાવાદ હાઇવેના ચંદ્રપુર નજીક પાણી ફરી વળતા સુરત - મુંબઇ હાઇવે પર વાહન વ્યવહાર ખોરવાઇ ગયો હતો. બી.ડી. સી.એ. સ્ટેડિયમના ગ્રાઉન્ડ પર પાણી ભરાતાં મેદાન તળાવ જેવું બની ગયું હતું. સલામતિના કારણે વલસાડની શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી. બીલીમોરામાં શાળાઓમાં રજા આપી દેવાઇ હતી જ્યારે રેલવેની 60 ફૂટની દિવાલ તૂટી પડી હતી. વરસાદના કારણે દક્ષિણ ગુજરાતમાં ત્રણનાં મોત થયાં હતાં. વાલોડના દોડકીયા ફળિયામાં રહેતા બે પિતરાઈ ભાઈઓ કમલેશ ખંડુભાઈ ચૌધરી તેમજ નિતેશ દિલીપભાઇ ઘર નજીક આવેલ ગરનાળા નજીક ગયા હતા. ત્યાં તણાઇ જતાં બંનેના મૃતદેહ મળી આવ્યા હતા. આ ઉપરાંત ધરમપુરના ધામણીમાં મકાન તૂટી પડતા ધાકળ કેસરેનું મોત થયું હતું.

### પલસાણામાં...

ચિંતાજનક સ્થિતિ સર્જી શકે છે. પ્યોર એલ્યુમિનિયમ ક્લોરાઈડ પાણી શુદ્ધિકરણ માટે તૈયાર કરવામાં આવતું શુદ્ધ કેમિકલ છે, જે CETPની પ્રક્રિયાને અસરકારક બનાવે છે અને પ્રમાણમાં ઓછો કચરો ઉત્પન્ન કરે છે. જ્યારે સ્પેન્ટ એલ્યુમિનિયમ ક્લોરાઈડ ઔદ્યોગિક પ્રક્રિયામાં પહેલેથી વપરાઈ ચૂકેલું બાય-પ્રોડક્ટ છે, જેમાં એસિડિક અશુદ્ધિઓ અને અન્ય હાનિકારક તત્ત્વો ભળેલા હોઈ શકે છે. આવા સ્પેન્ટ કેમિકલના ઉપયોગથી વધુ પ્રમાણમાં હેઝાર્ડસ સ્લજ ઉત્પન્ન થાય છે, જેનો વૈજ્ઞાનિક રીતે નિકાલ કરવો કાયદેસર રીતે ફરજિયાત છે.


## બીલીમોરા નગરપાલિકા, બીલીમોરા, જી. નવસારી

**ટુંકી મુદતની ઓફલાઇન જાહેર નોટીસ નં.૧૩/૨૦૨૬-૨૭**

આથી બીલીમોરા નગરપાલિકા, બીલીમોરા, જી.નવસારી દ્વારા ૧૫% વિવેકાધીન સને ૨૦૨૬-૨૭ હેઠળ નીચે મુજબની વિગતના કામે ઓફલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામનું નામ : - વોર્ડ નં.૮ ઓરીયામોરા મનુખાલપાની દુકાનથી અશ્વિનભાઈના ઘર સુધી પીવાના પાણીની લાઇન નાંખવાનું કામ. | |
| અંદાજિત રકમ - રૂ.૩,૩૩,૩૨૧/- | સમયમર્યાદા :- ૩ માસ |
| ઈ.એમ.ડી. :- રૂ.૩,૩૫૦/- | ટેન્ડર ફી :- રૂ.૬૦૦/- |
| ટેન્ડર લઈ જવાની તારીખ અને સમય | તા.૧૪/૦૭/૨૦૨૬ ૧૮:૦૦ કલાક સુધી |
| ટેન્ડર પહોંચતા કરવાની તારીખ અને સમય | તા.૧૭/૦૭/૨૦૨૬, ૧૮:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ | તા.૧૮/૦૭/૨૦૨૬, ૧૨:૦૦ કલાકે |

સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે. ટેન્ડર મંજૂર/નામંજૂર કરવાની તમામ સત્તા નગરપાલિકાની રહેશે.

Sd/-ચીફ ઓફિસર, બીલીમોરા નગરપાલિકા | Sd/- કારોબારી ચેરમેન, બીલીમોરા નગરપાલિકા | Sd/- પ્રમુખ, બીલીમોરા નગરપાલિકા

માહિતી/નવસારી/૧૫૮/૨૦૨૬

## જાહેર હરાજી

આથી ભંગારના વેપારી તથા જૂના વાહનો ખરીદવા રસ ધરાવતા વેપારીઓને જણાવવાનુ કે, અલથાણ પોલીસ સ્ટેશન ખાતે એમ.વી. એક્ટ -૨૦૭ મુજબના કબ્જે લીધેલ વાહનોની જાહેર હરાજી તા.૦૯/૦૭/૨૦૨૬ ના રોજ સવારના કલાક ૧૧/૦૦ વાગે અલથાણ પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવેલ છે. જેથી રસ ધરાવતા વેપારીઓ કે અરજદારે અરજી દીઠ અલગ-અલગ રૂ/૧૦,૦૦૦/- (દશ હજાર) ડીપોઝીટ ડીમાન્ડ ડ્રાફ્ટ (પોલીસ કમિશ્નર શ્રી સુરત શહેર ના નામનો ડી.ડી.) અત્રેની કચેરીએ તા.૦૮/૦૭/૨૦૨૬ ના રોજ કચેરી સમય દરમ્યાન ભરવાની રહેશે ત્યારબાદ જ હરાજીની બોલીમાં ભાગ લઇ શકશે અને હરાજીનો માલ જે સ્થિતીમાં હશે તે જ સ્થિતીમાં સુપ્રત કરવામાં આવશે હરાજી પૂર્ણ થવાથી હરાજીમાં ઉંચી બોલી બોલનાર ઇસમોની માંગણી મુજબ સૌથી વધુ બોલી બોલનાર ઇસમ પાસેથી સ્થળ ઉપર ૨૫% રકમ તથા લાગુ પડતા ટેક્ષની રકમ તુરંત જ ભરપાઇ કરવાની રહેશે હરાજીની શરતો હરાજીના સમયે વાંચી સંભળાવવામાં આવશે. હરાજીમાં ભાગ લેનાર ઇજારદારોએ (૧) પોતાના પેઢીના GST સર્ટીની પ્રમાણિત નકલ (૨) પાનકાર્ડની પ્રમાણિત નકલ (3) આધારકાર્ડની પ્રમાણિત નકલ (૪) પોતાના રહેઠાણના લાઇટબીલ સાથે રજુ કરવાના રહેશે જે અંગેની નોંધ લેશો.

તા.૩૦/૦૬/૨૦૨૬

(જે.એસ.ઝાંબરે)
પોલીસ ઇન્સ્પેક્ટર
અલથાણ પોલીસ સ્ટેશન
સુરત શહેર

ક્રમાંકઃ માહિતી-સૂરત/૩૩૩/૨૦૨૬